PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૬/કવા–૦૪/૧૭–૧૮/ 3390 (C) તા. 02-05-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
હાજાભાઈ મેરામણભાઈ આંબલીયા,
ગામ: જામ – દેવળીયા
તા.કલ્યાણપુર,
જી. દેવભુમી દ્વારકા

**વિષય :–સોલાર યોજના હેઠળ ઘરલાઈટીગ જોડાણ મેળવવા બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૧૬–૦૩–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૭૬/કવા–૦૪/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૭૬/કવા–૦૪/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૨૪–૦૪–૧૮ | સ્થળ : જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: હાજાભાઈ મેરામણભાઈ આંબલીયા, ગામ: દેવળીયા**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી હાજાભાઈ મેરામણભાઈ આંબલીયા હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)**

**રજુઆત કરનાર :કે.સી.ચૌહાણ (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી, દ્વારકા)**

---

## : હુકમ :

**ફરીયાદ : સોલાર યોજના હેઠળ ઘરલાઈટીંગ જોડાણ મેળવવા બાબત**

### મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | • અરજદાર જણાવે છે કે, તેઓની ગામ: દેવળીયા ખાતે આવેલ ખેતીવાડી ની જમીન માં – સૌર – ઉર્જા ની માંગણી મુજબ ની અરજી ના અનુસંધાનેરૂ.૧,૦૦૦/– તા.૧૪–૦૬–૧૬ ના રોજ થી ભરપાઈ કરી આપેલ છે, પરંતુ, મારી સાથે ના તમામ અરજદારો ને જોડાણ મળેલ છે, જયારે તેઓને સદર બાબતે કોઈપણ જાતની જાણકારી અપાયેલ નથી.<br>• તેમજ ખેતીવાડી ની જમીન મા ઘરવપરાશ માટે સોલાર હોમ લાઈટ મેળવવા માટે ની અરજી ફી રૂ.૪૦/–તા.૨૮–૦૬–૧૬ ના રોજ થી ભરપાઈ કરેલ હતી. ત્યારબાદ, ભાવપત્રક આવતા – તા.૨૫–૦૭–૧૬ ના રોજ રૂ.૪,૫૦૦/– ભરપાઈ કરી આપેલ છે. પરંતુ, તેઓને સદર બાબતે કોઈપણ જાતની જાણકારી અપાયેલ નથી. આમ, અરજદારે સદર બાબતે વારંવાર પીજીવીસીએલ ની કચેરીએ તપાસ કરતા કોઈ જવાબ મળેલ નથી. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

### મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | • અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, શ્રી હાજાભાઈ મેરામણભાઈ આંબલીયા દ્વારા તેઓની ગામ: દેવળીયા ખાતે આવેલ ખેતીવાડી ની જમીન માં નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે રૂ.૨૦૦/– તા.૧૪–૦૭–૧૬ ના રોજ થી ભરપાઈ કરી આપેલ છે. જયારે સૌર – ઉર્જા પમ્પ સેટ મેળવવા માટે તા.૧૪–૦૬–૧૬ ના રોજ થી રૂ.૧,૦૦૦/– ડિપોઝીટ પણ ભરપાઈ કરેલ છે. પરંતુ, ભાવપત્રક આપેલ હોય તેવા કોઈપણ પુરાવા પીજીવીસીએલ ની પેટા વિભાગીય કચેરી ખાતે ઉપલબ્ધ નથી. જેથી, અરજદાર ને ભાવપત્રક આપવા માટે ની મંજુરી મેળવવા માટે વર્તુળ કચેરી જામનગર ને પત્ર તા.૧૬–૦૪–૧૮ થી યોગ્ય કાર્યવાહી કરવા જાણકારી અપાયેલ છે. જેની મંજુરી મળ્યેથી આગળ ની કાર્યવાહી તાત્કાલીક ધોરણે કરવામા આવશે.<br>• અરજદાર ની સોલાર હોમ લાઈટ મેળવવા માટે ની અરજી ફી રૂ.૪૦/–તા.૨૮–૦૬–૧૬ ના રોજ થી ભરપાઈ કરેલ હતી. ત્યારબાદ, ભાવપત્રક આવતા – તા.૨૫–૦૭–૧૬ ના રોજ રૂ.૪,૫૦૦/– ભરપાઈ કરી આપેલ છે. પરંતુ, પીજીવીસીએલ કક્ષાએથી સોલાર હોમ લાઈટ આપવા માટે ની એજન્સી ફાળવેલ ન હોવાથી સદર કાર્યવાહી બાકી રહેલ છે. સદર બાબતે – પીજીવીસીએલ કક્ષાએથી એજન્સી ની નિમણુક થયે કાર્યવાહી પૂર્ણ કરી આપવામા આવશે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.ર હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | • (૧) જીયુવીએનએલ ના પત્ર નંબરઃ જીયુવીએનએલ/ટિક/એકેએફ/સોલાર/૧૭૦૪ તા.૨૧–૦૮–૧૫ મુજબ – સૌર ઉર્જા સંચાલીત સિંચાઈ પમ્પ સેટ યોજના વર્ષ – ૨૦૧૫ –૧૬ હેઠળ – જે ખેડુતો નવી તથા અગાઉ નોંઘાયેલ સામાન્ય યોજના હેઠળ, આદિજાતી તેમજ ડાર્કઝોન વિસ્તાર હેઠળ – ખેતીવાડી હેતુ ના વીજ જોડાણો ની સામાન્ય ક્રમ ની અરજી ને – તબ્દીલ કરવા ઈચ્છતા હોય – તેઓની અરજીઓ સબંધક વીજ કંપની ની સ્થાનીક કચેરીએ તા.૩૧–૦૫–૧૬ થી તા.૩૦–૦૭–૧૬ સુધી સ્વીકારવામા આવશે.<br>• (૨) અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, ખેતીવાડી સોલાર પમ્પસેટ લગાડવા માટે ની અરજી તા.૧૪–૦૬–૧૬ અન્વયે – અરજદાર ની ફરીયાદ મુજબ કોઈ કાર્યવાહી કરાયેલ ન હોય – જે બાબતે પીજીવીસીએલ કક્ષાએથી – અરજદાર ને લેખીત મા કોઈ હકીકત થી વાકેફ કરાયેલ હોય – તેવી રજુઆત કરેલ હોય – તેમ જણાતુ નથી.<br>• (૩) ઉપરોકત પેરા નં.– (૧) મા વર્ણવ્યા મુજબ ની વિગતો અંતર્ગત – અરજદાર ની અરજી તા.૧૪–૦૬–૧૬ સોલાર યોજના અંતર્ગત – ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી ઉપર મુજબ સમાવિષ્ટ છે. વધુમા – સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટર મુજબ – સદર અરજદાર પછીના નારણભાઈ સવાભાઈ આંબલીયા – ગામ : દેવળીયા ૦૫ હોપા ના ખેતીવાડી સોલાર પમ્પસેટ લગાડવા માટે ભાવપત્રક તા.૨૯–૦૫–૧૭ ના રોજ થી અપાયેલ છે અને કામગીરી પૂર્ણ કરાયેલ છે, તેમ નોંધાયેલ છે. આમ, સદર ફરીયાદી અરજદાર ની અરજી પ્રત્યે અગ્રતાક્રમ મુજબ – સોલાર પમ્પસેટ આપવા માટે ની કાર્યવાહી / અરજદાર ને ભાવપત્રક આપવાની કાર્યવાહી કરાયેલ નથી, જે ખૂબજ ગંભીર બાબત હોય – જેથી, કસુરવાર કર્મચારી સામે – કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવી. તેમજ – અરજદાર ની સદર અરજી સોલાર યોજના અંતર્ગત કોઈ કાર્યવાહી કરાયેલ ન હોય જે નિયમાધીન પીજીવીસીએલ દ્વારા વિચારણા હેઠળ લેવાની રહેશે, અને નિયમાધીન વીજ જોડાણ આપવાની કાર્યવાહી કરવાની રહેશે. |
| **૩.૨** | • (૧) ગુજરાત રાજય ના – ઉર્જા વિભાગ ના પત્ર તા.૦૭–૦૪–૧૬ અન્વયે પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પત્ર નંબરઃ જીયુવીએનએલ/ટિક/એકેએફ/સોલાર/૮૨૪ તા.૩૦–૦૪–૧૬ થી દરેક વીજ કંપની ને સોલાર હોમ લાઈટ સિસ્ટમ યોજના અંતર્ગત વર્ષ – ૨૦૧૬ –૧૭ માટે રાજય ના છુટા છવાયા – વિજળી કરણથી વંચિત વિસ્તારો – જેવાકે ટાપુઉપર , વનવિસ્તાર અથવા દુર – સદુર વિસ્તાર મા રહેણાંકો મા – યોજના અંતર્ગત ધારાધોરણ અન્વયે – જે લાભાર્થીને સૌર ઉર્જા સંચાલીત હોમ લાઈટ સિસ્ટમ લેવા ઈચ્છતા હોય – તે લાભાથીએ – જે તે વીજ કંપની ની સ્થાનિક કચેરી મા – તા.૦૨–૦૫–૧૬ થી તા.૩૧–૦૭–૧૬ સુધી અરજી સ્વીકારવી તેમ જણાવેલ.<br>• (૨) – ઉપરોકત પેરા નં.– (૧) મા વર્ણવ્યા મુજબ ની વિગતો અંતર્ગત – અરજદાર ની સોલાર હોમ લાઈટ મેળવવા માટે ની અરજી ફી રૂ.૪૦/–તા.૨૮–૦૬–૧૬ ના રોજ થી ભરપાઈ કરેલ હતી. ત્યારબાદ, ભાવપત્રક આવતા – તા.૨૫–૦૭–૧૬ ના રોજ રૂ.૪,૫૦૦/– ભરપાઈ કરી આપેલ છે. પરંતુ, પીજીવીસીએલ કક્ષાએથી સોલાર હોમ લાઈટ આપવા માટે ની – એજન્સી ફાળવેલ ન હોવાથી સદર કાર્યવાહી બાકી રહેલ છે. સદર બાબતે – પીજીવીસીએલ કક્ષાએથી એજન્સી ની નિમણુક કયારે થશે અને અરજદાર ની માંગણી મુજબ નુ જોડાણ આપવાની કાર્યવાહી કયારે પૂર્ણ કરવામા આવશે – તે બાબત ની ચોકકસ જાણકારી અરજદાર પક્ષકાર ને સત્વરે અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ આપવા સબબ નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :**

## હુકમ

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતે – પીજીવીસીએલ કક્ષાએથી સોલાર એજી પમ્પસેટ અને સોલાર હોમ લાઈટ આપવા માટે ની અરજદાર ની માંગણી મુજબ ની અરજી મુજબના જોડાણો આપવાની કાર્યવાહી ક્યારે પૂર્ણ કરવામા આવશે – તે બાબત ની ચોકકસ વિગતવાર જાણકારી અરજદાર પક્ષકાર ને દિન–૧૦ મા અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ આપવાનો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી હુકમ કરવામા આવે છે. તેમજ, નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ ના પેટા મુદદા નં. (૩) મુજબ ની વિગતે ની કાર્યવાહી કરવા માટે પીજીવીસીએલ પક્ષકાર ને હુકમ કરવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.**